જન્મદિને વધામણી

હંસાબેન પરમાર
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧

શારદાબેન મહેન્દ્રકુમાર પરમાર
મો. ૯૯૭૪૭ ૨૫૯૦૯

વિપુલકુમાર રેવાભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧

આદિત્ય અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

વિજયસિંહ માજીરાણા
યુવા સામાજીક કાર્યકર
મો. ૯૭૩૭૨૪૨૧૦૩

બૅન્ક ઑફ ઈન્ડિયા, ગાંધીનગર બ્રાન્ચ દ્વારા

‘ઘર-ઘર દસ્તક’ મહોત્સવ ઉજવાયો

બૅન્ક ઑફ ઈન્ડિયા, ગાંધીનગર બ્રાન્ચ દ્વારા બુધવારે ‘ઘર-ઘર દસ્તક’ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર બ્રાન્ચ, ઈન્ફોસિટી બ્રાન્ચ, ગિફ્ટ સિટી બ્રાન્ચ, સાદરા બ્રાન્ચ, પેથાપુર બ્રાન્ચ દ્વારા દરેક લોન લાભાર્થીને ચેક આપવામાં આવ્યા હતા. બૅન્ક ઑફ ઈન્ડિયા, ગાંધીનગરના ઝોનલ મૅનેજર અખિલેશ જલોટા, બ્રાન્ચ મૅનેજર-એજીએમ પુષ્પા ચૌધરી, ઝોનલ ઑફિસના ઍડમીન ચીફ મૅનેજર દિપ્તી ગ્રવાલ, માર્કેટિંગ હેડ જતીન ચંદ્રભારૂ, માર્કેટિંગ ઑફિસર અસ્તિત્વ કચીયાર, ગિફ્ટ સિટી બ્રાન્ચ મૅનેજર બી જે પરમાર, સાદરા બ્રાન્ચ મૅનેજર રાકેશ ગર્ગદ્વારા આ પ્રસંગે કસ્ટમર મીટ દરમિયાન બૅન્કની વિવિધ સુવિધાઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. અખિલેશ જલોટાએ સાથે મળીને બૅન્કને નવી ઊંચાઈએ લઈ જવા માટે સૌને અપીલ કરી હતી. આ ઉજવણીના માધ્યમથી બૅન્ક ઑફ ઈન્ડિયાએ પુનઃ એકવાર પોતાની ટૅગલાઈન ‘રિશતોં કી જમાપૂંજી’ને સાર્થક કરી હતી.

ડાયરેક્ટ ❤ સે

ગરીબ ખેડૂતની દીકરી
માંડ એકાદ ટંક ખાવા મળે
દીવા તણે ભણી
રિઝલ્ટ આવ્યું ૯૮ ટકા
પછી એના સમાજે
રૂપિયા ૧ લાખના ખર્ચે
અખબારોમાં જાહેરખબર છપાવી
‘સમાજનું ગૌરવ’

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
ડિયર માયા
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૩
બેવૉચ (ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૮.૦૦
બેવૉચ (ડી, હિન્દી)
૩.૦૦, ૧૦.૩૦
પાઈરેટ્સ ઑફ ધી કૅરેબિયન
(ડી, હિન્દી) ૫.૩૦
સ્ક્રીન-૪
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧.૦૦
બાહુબલિ-૨
૩.૪૫, ૯.૩૦
હિન્દી મીડિયમ
૭.૦૦
સ્ક્રીન-૫
સ્વીટી વેડ્સ ઍનઆરઆઈ
૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૦૦
સચિન
૭.૧૫

સુવિધા કચેરીના નિવૃત્ત કર્મચારીને સાથી, અધિકારીઓ દ્વારા વિદાય

સૅક્ટર-૭ સુવિધા કચેરીના કર્મચારી વાસુભાઈ એસ સુથાર વયનિવૃત્ત થતાં તેમનો વિદાયમાન સમારોહ ગુરુવારે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડિવીઝન-૧ના નાયબ કાર્યપાલક ઈજનેર એસ એ ચારલ, વર્ક આસી. હરેશ પટેલ, સૅક્શન ઑફિસર એ ડી રાદડિયા અને સુવિધા કચેરીનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સૌએ વાસુભાઈની કારકિર્દીને બિરદાવી તેમને નિવૃત્ત જીવન અને સ્વસ્થ દીર્ઘાયુ માટે શુભકામનાઓ પાઠવી હતી.

ઍમફિલ અને પીએચડીની પાર્ટ ટાઈમ ડિગ્રી અમાન્ય

યુજીસી દ્વારા પરિપત્રના માધ્યમથી સ્પષ્ટતા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)એ પરિપત્ર કરીને એવી સ્પષ્ટતા કરી છે કે કોઈપણ સંસ્થા કે પ્રાઈવેટ યુનિવર્સિટીમાંથી પાર્ટ ટાઈમ પીએચડી કે એમ.ફીલ કરતાં ઉમેદવારોની ડિગ્રી માન્ય ગણવામાં નહી આવે. માત્ર ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીને આ પ્રકારની ડિગ્રી આપવાની મંજુરી આપવામાં આવી છે. અન્ય સંસ્થાઓ કે યુનિ. આ પ્રકારની પદવી એનાયત કરશે તો તેને ગેરલાયક ગણવામાં આવશે.

સમગ્ર દેશમાં આગામી ૧૫ દિવસમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે. આ સ્થિતિમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશને જાહેર પરિપત્ર કરીને એવી સ્પષ્ટતા કરી છે કે દેશમાં જુદા જુદા રાજયોમાં અનેક સંસ્થાઓ અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓ પીએચડી અને એમ.ફીલ કરવા ઈચ્છતાં ઉમેદવારોને પાર્ટ ટાઈમ અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા કરી આપે છે. કેટલીક સંસ્થાઓ ઓનરરી અને પાર્ટ ટાઈમ પીએચડી-એમ.ફીલ કરવાતી હોય છે. ગુજરાતમાં પણ અનેક પ્રાઈવેટ યુનિવર્સિટીઓ ઉમેદવારોને ઓનરરી પીએચડી અને એમ.ફીલ કરાવી રહી છે. યુજીસીએ એવી સ્પષ્ટતા કરી છે કે માત્ર ઈગ્નુ સિવાય કોઈપણ યુનિવર્સિટી કે સંસ્થાને ડીસ્ટન્સ લર્નિંગ મોડ પર પીએચડી કે એમ.ફીલ કરાવવાની મંજુરી આપવામાં આવી નથી. જો કોઈ ઉમેદવારોએ આ પ્રકારની ડિગ્રી લીધી હોય અથવા તો હાલ આ પ્રકારના કોર્સમાં અભ્યાસ ચાલુ હોય તો તેને પણ અમાન્ય ગણવામાં આવશે. નોંધનીય છે કે કેટલીક પ્રાઈવેટ યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને ઓનરરી પીએચડી કે એમ.ફીલની ડિગ્રી આપવા માટે રીતસરની જાહેરાતો પણ આપતી હોય છે. હાલમાં જુદી જુદી જગ્યાઓ નોકરી કરતાં ઉમેદવારો પણ ઉચ્ચ ડિગ્રી દર્શાવવા માટે આવી પ્રાઈવેટ યુનિવર્સિટીઓ માંથી પીએચડીની ઓનરરી ડિગ્રીઓ મેળવી લેતાં હોય છે.

યુજીસીએ પબ્લીક નોટિસમાં સ્પષ્ટતા કરી કે ઉમેદવારોએ પીએચડી-એમ.ફીલ કરતાં પહેલા જે યુનિવર્સિટી કે સંસ્થામાંથી આ ડિગ્રી લેવાની હોય તેને યુજીસીની મંજુરી છે કે નહી તેની ચકાસણી કરી લેવાની રહેશે.

યુજીસી દ્વારા કેટલીક સ્ટેટ યુનિવર્સિટીઓને પણ આ પ્રકારની ડિગ્રી આપવાની મંજુરી આપવામાં આવી છે. આ સ્ટેટ યુનિવર્સિટીઓ સિવાય એકપણ પ્રાઈવેટ યુનિવર્સિટી કે સંસ્થા પીએચડી-એમ.ફીલની ડિગ્રી આપી શકતી નથી.

સૅ. ૬ સરકારી પ્રાથમિક શાળામાં સમર કૅમ્પનો આરંભ

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે સાત શાળાઓનો સમર કૅમ્પ ગુરુવારથી આરંભાયો છે.

સૅક્ટર-૬ પે સેન્ટર ખાતે સાત શાળાઓનો આ સમર કૅમ્પ બાળકોમાં સર્જનશીલતા ખીલે, તેમનામાં રહેલી શક્તિઓને તેમને અનુભવ થાય અને તેઓ તેમની રસ-રુચિ પ્રમાણે નવસર્જનનો આનંદ લે તેવા આશયથી યોજવામાં આવ્યો છે. ગુરુવાર, ૧ જૂનથી આરંભાયેલો આ સમર કૅમ્પ ૩૦ જૂન સુધી કાયમ રહેશે, જેમાં ધોરણ-૧માં પ્રવેશપાત્ર બાળક અને તેમનાં ભાઈ-બહેન તથા આસપાસમાં રહેતા વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ રહ્યા છે.

વધુમાં વધુ બાળકો આ સમર કૅમ્પમાં ભાગ લે અને તેના માધ્યમથી સરકારી શાળા પ્રત્યે આકર્ષાય તેવો હેતુ પણ આ સમર કૅમ્પના આયોજન પાછળ છુપાયેલો છે.

ગૌ, ગંગા, ગાયત્રીની સુરક્ષામાં આપણે કાચા શા માટે ?

પૂરા વિશ્વને શાંતિ, સુલેહ, અહિંસાનો પાઠ શીખવતા આપણા રાષ્ટ્રને હવેના સમયમાં વધુ સમસ્યાઓ કેમ નડી રહી છે એ અંગે ભારતના આમ નાગરિકને ચિંતા જરૂર થઈ રહી છે. મહાત્મા ગાંધીએ સમાજને સંદેશો જે આપ્યો તેમાં અહિંસા મુખ્ય મુદ્દો રહ્યો. મન, વચન, કર્મથી કોઈનું અહિત ના કરવું એ અહિંસાની સરળ સમજૂતી છે. લાગણીઓ અને માગણીઓ માણસને દોડાવે, હસાવે, રડાવે કે પતનની ખીણમાં ધક્કો પણ મારે. દરેક વ્યક્તિએ તેના નિજી જીવનમાં પ્રતિદિન જે મૂલ્યાંકન કરવાનું છે તેમાં તેના વિચારો, વર્તણૂંક, આરોગ્ય અને કાર્યો આ બધાંને સ્વતંત્રપણે નિરખતાં રહેવું એવું પૂ. પાંડુરંગ દાદાએ પણ કહેલું છે. ભારતીય સંસ્કૃતિમાં કદી હિંસાને મહત્ત્વ આપવામાં આવ્યું જ નથી. ન્યાયપ્રાપ્તિ કે સર્જનમાં પણ ખામી કે અન્યાય જણાય તો શાંતિથી ઉકેલ કેમ મળે તે મુજબ જીવવાની સલાહ ગ્રંથોમાં આપવામાં આવી છે. આધુનિક યુગમાં અર્થાથી વધુ વિશ્વમાં જૂદાં-જૂદાં કારણોસર રોજ માનવીય હિંસા માણસો દ્વારા થઈ રહી છે જે ખુદ ખુદાને કે ઈશ્વરને મંજૂર નથી. નાનામાં નાના જીવ-જંતુની હિંસા નહીં કરવાની સલાહ શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ વ્યક્ત કરી છે અને એવું પણ લખ્યું છે કે સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યએ હિંસા તો કોઈ પ્રકારે ને ક્યારેય પણ ના કરવી. પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે પણ કોઈ વિષે મિથ્યા અપવાદ આરોપણ નહીં કરવું કે કોઈને ગાળ તો કદી ના દેવી - એ મુજબનો ઉપદેશ આપવામાં આવ્યો છે. બધા જ સંપ્રદાયો અને ધર્મોમાં હિંસા સ્વીકાર્ય નથી તેમ છતાં દુનિયામાં હિંસા, ક્રૂરતા ઝડપથી આગળ વધી રહી છે. મુસ્લિમ રાષ્ટ્રોમાં આ પ્રકારની હિંસાને ધિક્કારવા છતાંય વધુમાં વધુ કત્લેઆમ થઈ રહી છે. ઈન્સાનિયતને સૌથી વધુ મહત્ત્વ કુરાનમાં પણ આપવામાં આવ્યું છે. એક ઈન્સાન બીજા ઈન્સાનના દિલને આઘાત પહોંચાડે એ પણ કુદરતને મંજૂર નથી છતાં આ પ્રકારનો માહોલ વિશ્વયુદ્ધ તરફ જઈ રહ્યો છે.

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આધુનિક શસ્ત્રોથી રોજ માનવીઓની હત્યા થઈ રહી છે. ભારતમાં અંદરોઅંદર વિવધ રાજ્યોમાં ગાય અને મહિલા ઉપરના વિવાદ, અત્યાચાર, હિંસાચાર, શોષણના બનાવો વધતા જાય છે ! રાજકારણની એક બદબૂ પણ હોય જ છે. શાસક વિ. અન્ય વિપક્ષ - પરંતુ આ બંને વચ્ચે જનતા કે કોઈ વર્ગ કે જાતિને કદી ના ઘસડવાં જોઈએ. નારી તું નારાયણીની ફિલસૂફી તો ક્યાંય દેખાતી જ નથી, દિન દહાડે તેની આબરૂ નિલામ થઈ રહી છે. પવિત્ર ગંગા હજી શુદ્ધ થઈ શકી નથી અને ગાયમાતાના નામે જોરદાર ગુંડાગીરી સર્વત્ર વધી જ રહી છે. શા માટે છે આવું ? સ્ત્રી સદાય માટે વિશ્વમાં વંદનીય રહી છે અને રહેવાની છે કેમ કે એ જન્મદાત્રી માતાની ભૂમિકામાં છે. સંવેદના અને ત્યાગની એ જીવંત મૂર્તિ છે. નારી અત્યાચારને કારણે માથું શર્મથી ઝૂકી જાય છે.

વિશ્વનો પુરુષ પૂર્ણતઃ ભોગી અને મનોરોગી થઈ ગયો છે, જેના પાયામાં આજની ભૌતિકતા, અસંતોષ અને નવાં ઉપકરણો છે. સંબંધોના સરવાળા ગૂમ છે, સંબંધોમાં છળ આવી ગયું છે. એક છેડો પુરુષ તો બીજા છેડે સ્ત્રી છે અને આ સમાજ હવે માન્યતાઓના બંધનથી ભાગી રહ્યો છે. નિર્દોષ માનવોને હરોળમાં રાખીને ધોળા દિવસે લોકોના દેખતા મારી નાખવા એ કયા ધર્મનું પાલન છે ? ભારતનાં પૂર્વોત્તર રાજ્યોમાં પુષ્કળ મહિલા શોષણ વધ્યું છે, તો ગાયમાતાના નામે ઘણાને રોજ મારવામાં કે પતાવી નાખવામાં આવે છે. રસ્તે પ્લાસ્ટિકનો કચરો ચાવતી ગાયો ઉપર કોઈને કરૂણા ઉપજતી નથી, ગૌચરની જમીનો પણ ગામોમાંથી અદૃશ્ય થઈ રહી છે. ગાયમાતાના બીફને લઈને લોકો શા માટે સાચા અર્થમાં ચિંતન કરતા નથી ? બીફની નિકાસ વધી રહી છે તો આ અંગે પ્રશાસન કઈ બાબતની કાળજી લે છે ? યુપીમાં તો પધ્ધતિસર સરકારની નિષ્ઠાને તોડવાની પ્રવૃત્તિ ચાલી રહી હોય તેમ સ્પષ્ટ દેખાય છે, પછી તે નારી સુરક્ષાની વાત હોય કે ગૌસુરક્ષાની વાત હોય.

ગૌ, ગંગા અને ગાયત્રીની સુરક્ષા માટે સરકારી રાષ્ટ્રીય સ્તરની નીતિ જાહેર કરવાની હવે આવશ્યકતા છે અને તેનો અમલ સખ્તાઈથી કરવો જ પડે એમ છે. ગાયની હિંસા એ રાજકીય મુદ્દો બનવો જોઈએ નહીં. મહત્મા ગાંધીએ એમ કહ્યું હતું કે ગૌહિંસા માટે શાંતિથી પ્રતિરોધ કરવો અને પ્રાણની આહૂતિ આપવી પડે તો પણ પાછી પાની ના કરવી. પરંતુ હિંસક બનીને ગૌરક્ષાના મુદ્દે ઝઘડવાની વાત કદી કરવામાં આવી નથી. હિન્દુ માન્યતા મુજબ ગાયમાતા અતિ પવિત્ર છે અને આસ્થાની બાબતમાં કદી તાર્કિક દૃષ્ટિએ વિવાદોમાં ના પડવું એ જ ઈષ્ટ વાત છે. ગૌરક્ષકના પંજીકરણને પણ અમલી કરવાની જરૂરત છે તો ગંગા નદી ક્યારે સ્વચ્છતાસભર થશે તે હવે જણાવવું યોગ્ય છે અને છેલ્લી વાત - મહિલાઓને સન્માન ક્યારે પ્રાપ્ત થશે ? આપણે સૌએ હવે જાગવું પડશે.

શેર આસ્વાદ

મૈં એક કિરદાર સે
બડા તંગ હું કલમકાર,
મુઝે કહાની મેં ડાલ
ગુસ્સા નિકાલના હૈ.

ગુજ. યુનિ. સંલગ્ન

કૉમર્સ કૉલેજીસમાં પીન વિતરણનો આરંભ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોમર્સ કોલેજોમાં પ્રવેશ માટે હાલ પીન વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. આગામી તા.૮મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. જો કે, બે રાઉન્ડ પછી ખાલી પડનારી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવાના નિર્ણયના કારણે કેટલીક નામાંકિત ગણાતી કોલેજો દ્વારા લાગતાં-વળગતાંઓને પ્રવેશ આપવા માટે બેઠકો દબાવી દેવામાં આવે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

યુનિવર્સિટી દ્વારા દરવર્ષે બી.કોમ સહીતના પાંચ કોર્સમાં પ્રવેશ માટેના નિયમો નક્કી કરવામાં આવતાં હોય છે. તેની સત્તાવાર જાહેરાત પણ કરાતી હોય છે. આ વખતે નવા કુલપતિએ પોતાની પસંદગીના સભ્યોને પ્રવેશ સમિતિની તમામ કામગીરી સોંપી દેવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા હાલ પીન વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. જે પીન વિતરણ કરવામાં આવી રહી છે તેમાં માત્ર બી.કોમ. માટે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેના કારણે બી.કોમ સિવાય અન્ય કોર્સ જેવા કે બીબીએ-બીસીએ સહીતના કોર્સમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ વિમાસણમાં મુકાયા છે. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા પ્રવેશના બે રાઉન્ડ પછી ખાલી પડનારી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવાની જાહેરાત કરવામાં આવી છે. આ મુદ્દે કોમર્સ કોલેજોના સૂત્રો કહે છે ખરેખર પ્રવેશ સમિતિ દ્વારા બે રાઉન્ડ પછી ખાલી પડેલી બેઠકો કોલેજોને સોંપી દેવાનો નિર્ણય કરાયો છે પરંતુ ખાલી બેઠકો કેવી રીતે ભરાશે તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી. ખરેખર જે કોલેજમાં છેલ્લા મેરીટ સાથે પ્રવેશ થયો હોય તેના કરતાં પાંચ ટકા ઓછા મેરીટ સાથે આ બેઠકો ભરવી તેવી સ્પષ્ટતાં કરવાની હોય છે. પ્રવેશ સમિતિએ આવી કોઈ સ્પષ્ટતા કરી નથી. જેના કારણે કેટલીક કોલેજો કુલ ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા પછી જેટલા વિદ્યાર્થીઓએ રિર્પોટિંગ ન કરાવ્યુ હોય તેમની બેઠકોની માહીતી યુનિવર્સિટીની ન આપીને આ બેઠકો બારોબાર ભરી દે તેવી દહેશત ઉભી થઈ છે. ભૂતકાળમાં અનેક કોલેજોએ આ પ્રકારની કાર્યવાહી કરીને લાગતાં-વળગતાંઓને પ્રવેશ ફાળવી દીધા હતા. ચાલુ વર્ષે પણ યુનિવર્સિટીની પ્રવેશ સમિતિની અસ્પષ્ટ નીતિના કારણે નામાંકિત કોલેજો લાગતાં-વળગતાંઓને બારોબાર પ્રવેશ આપી શકે તેમ છે. જો આમ, થાય તો ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો કોઈ અર્થ રહે તેમ નથી.